પ્રકરણ – ૪ ના મેન્યુઅલ –મુજબ ગાંધી સ્મૃતિ ભવનના વપરાશ માટેના નીતિનિયમો તથા ભાડાના દરો અને ડીપોઝીટની રકમ અંગેની જોગવાઈઓ

CHAPTER – 4 (MANUAL – 3), RULES, REGULATIONS, INSTRUCTIONS FOR DISCHARGING FUNCTIONS AT GANDHI SMRUTI BHAVAN

સુરત મહાનગરપાલિકાની તા. ૨૨.૧૨.૮૭ ના રોજ શરૂ થઈને છેવટે તા. ૨૩.૧૨.૮૭ ના રોજ મળીને મુલતવી રહેલી માસિક સાધારણ સભા તા. ૧૨.૧.૮૮ ના રોજ સાંજના ૪.૦૦ કલાકે મહાનગરપાલિકા કચેરીના "ગાંધીખંડ" માં મળી તે સભાનો અહેવાલ.

ઠ રા વ :–

સ્થાયીસમિતિના તા. ૨૦.૧૧.૮૭ ના ઠરાવ નં. ૧૪૫૬ થી વિદિત થઈ , ગાંધીસ્મૃતિ ભવનના ઉપયોગ સંબધી સિધ્ધાંતો સમગ્ર સભાના તા. ૨૮.૬.૮૦ ના ઠરાવ નં. ૬ થી નકકી કરવામાં આવેલ છે . આ નકકી કરવામાં આવેલા સિધ્ધાંતો ને સાત વર્ષ વીતી ગયા હોય અને હાલની પરિસ્થિતિમાં આ દરો ઘણાં જ અપુરતા હોય તે તેમજ મ્યુ. ચીફ ઓડીટરશ્રીએ તા. ૩૦.૬.૮૭ થી કરેલ સુચન ધ્યાને લેતા સ્થાયીસમિતિએ તેના ઉકત ઠરાવથી કરેલ ભલામણ અનુસાર ગાંધીસ્મૃતિ ભવનના જુના સિંધ્ધાતો રદ કરીને નીચે જણાવ્યા મુજબની નવી નીતિઓ નકકી કરવા અને આ સુધારેલ નવી નીતિઓ તા. ૧.૪.૮૮ થી અખત્યાર કરવાનું મંજુર કરવામાં આવે છે .

–: રીર્ઝવેશન :–

(૧). સુરત મહાનગરપાલિકા નિર્મિત "ગાંધીસ્મૃતિભવન " ઉપયોગ કરવા ઈચ્છતી કોઈપણ સંસ્થા અગર વ્યકિતએ છાપેલા નિયત અરજીપત્રકમાં મ્યુનિસિપલ કમિશનરશ્રીને અરજી કરવાની રહેશે .આઅરજીપત્રક ગાંધીસ્મૃતિભવન ખાતે આવેલી કચેરીમાંથી રવિવાર કે જાહેર રજા ના દિવસ સિવાય કોઈપણ દિવસે સવારે ૧૧ થી ૨ ક.સમય દરમ્યાન વિનામુલ્યે મળી શકશે .
(૨). ગાંધીસ્મૃતિ ભવનનનો ઉપયોગ જે તારીખે કરવાનો હોય તે તારીખથી વધુમાં વધુ ૬૦ દિવસ અગાઉ ( અને ઓછામાં ઓછા ૧૫ દિવસ અગાઉથી ) અરજી કરવાની રહેશે . પરંતુ ઉપરોકત સમય મર્યાદામાં ફેરફાર કરવાની કમિશનરશ્રીને સત્તા રહેશે.
(૩). ગાંધીસ્મૃતિભવનનું રીર્ઝવેશન "વહેલા તે પહેલો" ના ધોરણે કરવામાં આવશે તેમ છતાં જો એકજ તારીખે અને એકજ સમયે એકથી વધુ અરજીઓ આવી હશે તો તેવા સંજોગોમાં અરજદારની રુબરુ માં મ્યુ. કમિશનરશ્રી અથવા તેમના પ્રતિનિધિ સમક્ષ ચીઠ્ઠી નાંખી ગાંધીસ્મૃતિ ભવન કોને આપવો તે અંગે નિર્ણય કરવામાં આવશે . જે આખરી અને બંધનકર્તા ગણાશે .
(૪).કોઈપણ અરજી અનુસાર ગાંધીસ્મૃતિભવન વાપરવાની પરવાનગી આપવી કે નહી તે બાબતનો નિર્ણય મ્યુ.કમિશનરશ્રીની મુનસફી ઉપર રહેશે .
(૫). જો કોઈ તારીખે કોઈ પણ સંસ્થા યા વ્યકિત તરફથી ગાંધીસ્મૃતિભવનનું અગાઉથી રીર્ઝવેશન મેળવવામાં આવ્યુ હશે તો ખાસ સંજોગોમાં તેવું રીર્ઝવેશન કોઈપણ કારણો જણાવ્યા સિવાય રદ કરવાની સત્તા મ્યુ.કમિશનરશ્રીને રહેશે . આ રીતે રીર્ઝવેશન રદ કરવાની જાણ જે તે વ્યકિત અગર સંસ્થાને રીર્ઝવેશનની તારીખથી પંદર દિવસ અગાઉ કરવામાં આવશે ઉપર જણાવ્યા પ્રમાણે રીર્ઝવેશન રદ કરવા બદલ કોઈપણ જાતની નુકશાની ચુકવવાની મહાનગરપાલિકાની જવાબદારી રહેશે નહી તથા તે અંગે કોઈપણ જાતની તકરાર ચાલશે નહીં.
(૬). કોઈપણ સંસ્થા અગર વ્યકિતને એકીસાથે સાત દિવસથી વધુ સળંગ સમય માટે ગાંધીસ્મૃતિ ભવન વાપરવા માટેનું રીર્ઝવેશન મળી શકશે નહીં.
(૭). ગાંધીસ્મૃતિભવનનો ઉપયોગ કરવા માટે જે તારીખનું રીર્ઝવેશન મેળવવામાં આવ્યું હોય તે તારીખ બદલી આપવામાં આવશે નહીં. પરંતુ કોઈ ખાસ સંજોગોમાં તારીખ બદલી આપવાની કમિશનરશ્રીને સત્તા રહેશે. જે માટે અરજદારે રૂા. ૧૦૦/–ની વધારાની રકમ ફી તરીકે ચુકવવાની રહેશે. આ પ્રમાણે બદલી આપવામાં આવેલ નવી તારીખ પ્રથમ નકકી થયેલ તારીખથી ૬૦ દિવસ ની અંદર હોવી જોઈએ . કોઈપણ કીસ્સામાં તારીખ બદલી આપવી કે નહીં તે અંગેનો નિર્ણય કમિશનરશ્રીની મુનસફી ઉપર રહેશે .
(૮). રીર્ઝવેશન મેળવનાર વ્યકિત અગર સંસ્થા દ્વારા કોઈ સંજોગોમાં ગાંધીસ્મૃતિભવનનો ઉપયોગ ન કરવો હોય તેવા પ્રસંગે અરજદારે લેખિત અરજી આપવાની રહેશે જે તારીખ માટે રીર્ઝવેશન મેળવ્યુ હોય તેની સમયમર્યાદા અનુસાર નીચે મુજબની રકમ કાપી લઈ બાકીની રકમનું રીફંડ આપવામાં આવશે.

| અ.નં. | કાર્યક્રમની તારીખથી | હોલભાડું તથા એરકન્ડીશનની ભરેલી ફી માંથી કાપવાની રકમ |
|---|---|---|
| ૧. | ૩૦ દિવસ પહેલા | ૨૫% |
| ૨. | ૧૫ દિવસ પહેલા અને ૩૦ દિવસ ની અંદર | ૫૦% |
| ૩. | ૭ દિવસની પહેલા અને ૧૫ દિવસની અંદર | ૬૦% |
| ૪. | ૨ દિવસ પહેલા અને ૭ દિવસની અંદર | ૭૦% |
| ૫. | ૨ દિવસની અંદર | ૧૦૦% |

(૯). રીર્ઝવેશન માટેની અરજીમાં જે વ્યકિત અગર સંસ્થાનું નામ કાર્યક્રમના પ્રયોજક તરીકે દર્શાવવામાં આવ્યુ હશે તેમાં કોઈ પણ સંજોગોમાં ફેરફાર કરવા દેવામાં આવશે નહીં. અર્થાત પ્રયોજક સિવાયની કોઈપણ અન્ય ત્રાહીત વ્યકિત કાર્યક્રમ અંગે ગાંધીસ્મૃતિભવનનું પરોક્ષ કે અપરોક્ષ રીતે રીર્ઝવેશન મેળવી શકશે નહીં. ગાંધીસ્મૃતિભવન ભાડે રાખનાર કોઈ બીજાને પેટા ભાડે આપી શકશે નહીં. અથવા પરવાનગી નામફેર કરી શકશે નહીં. અરજદાર સિવાયની કોઈ પણ અન્ય વ્યકિત કે સંસ્થા દ્વારા કાર્યક્રમ યોજવા દેવામાં આવશે નહીં. આ સિધ્ધાંતનું ભંગ કર્યાનુ માલુમ પડશે તો સંબધકર્તા વ્યકિત અગર સંસ્થા દ્વારા અરજી સાથે ભરવામાં આવેલી તમામ રકમ જપ્ત કરવામા આવશે તથા રીર્ઝવેશન આપોઆપ રદ થયેલું ગણાશે.
(૧૦). કુદરતી આફત અગર જાહેર સુલેહશાંતિ જોખમાય તેવા અસામાન્ય સંજોગોમાં કાર્યક્રમ રદ કરવાની પરિસ્થિતિ ઉભી થાય તો તેવા સંજોગોમાં ડિપોઝીટ તથા ચાર્જીસની પુરેપુરી રકમનું રીફંડ આપવાની કમિશનરશ્રીને સત્તા રહેશે .

(૨). ડિપોઝીટ તથા ગાંધીસ્મૃતિભવનનો ઉપયોગ કરવા માટેના દર :–

૧. ગાંધીસ્મૃતિભવનનો ઉપયોગ કરવા માંગતી વ્યકિત અગર સંસ્થાએ નિયતપત્રકમાં કરેલી અરજી સાથે

ગાંધીસ્મૃતિભવનની ફી ઉપરાંત ૩ાા કલાકના કાર્યક્રમ માટે રૂા. ૪૦૦/—તથા ૮ કલાકના કાર્યક્રમ માટે રૂા. ૬૦૦/— ની ડિપોઝીટ ભરવાની રહેશે .

૨. વ્યવસાયી મનોરંજન કાર્યક્રમ જેવા કે મ્યુઝીકલ ડાન્સ પાર્ટી અગર એવા કાર્યક્રમો કે ફિલ્મી જગતના ફિલ્મ સ્ટારો, પાશ્વગાયકો ,સંગીત નિર્દશકો વગેરે જેવા નામાંકિત વ્યકિતઓ હાજરી આપવાની હોય અગર ભાગ લેવાની હોય અને તેવી જાહેરાત કરવામાં આવી હોય તેવા કાર્યક્રમો તે પ્રકારના અન્ય કાર્યક્રમો માટે ઉપરોકત ડિપોઝીટ ઉપરાંત રૂા. ૧૦૦૦/— ની વધુ રકમ 'સીકયુરીટી ડિપોઝીટ ' તરીકે ભરવાની રહેશે .

૩. (૧). ગાંધીસ્મૃતિભવન વાપરવા માટે નીચે જણાવ્યા પ્રમાણેના ત્રણ સમયખંડ (સેસન) રહેશે.અને એક દિવસમાં સળંગ બે સમયખંડનો (સેસન) ઉપયોગ કરવા દેવામાં આવશે

૧. સવારે ૧૦.૦૦ થી ૧.૩૦.
૨. બપોરે ૩ થી ૬.૩૦.
૩. રાત્રે ૯.૦૦ થી ૧૨.૩૦.

દરેક પોગ્રામ માટે સાડા ત્રણ કલાકનો સમયખંડ રહેશે પ્રત્યેક સમયખંડના પ્રારંભ પહેલા એક કલાક અગાઉ ગાંધીસ્મૃતિભવનનો કબજો પરિસ્થિતિ અનુસાર પુર્વ તૈયારી માટે પ્રયોજકને આપવામાં આવશે . ઉપરોકત સમયખંડની મર્યાદામાં પરવાનાને આધિન રહીને વધુ સમય માટે કાર્યક્રમ ચાલશે તો દર અર્ધો કલાક અગર તેના ભાગ દીઠ રૂા. ૫૦/— નો વધારાનો દર હોલભાડામાં આપવાનો રહેશે . તેમ છતાં વધારાનો સમય વધુમાં વધુ એક કલાક જ રહેશે. વધારાનો આ સમય દરમ્યાન એરકન્ડીશન મશીનના વધારાના ચાર્જ તરીકે દરેક અર્ધો કલાક તેના ભાગદીઠ (પણ વધુમાં વધુ એક કલાક માટે)રૂા. ૧૦૦/— નો વધારાનો ચાર્જ આપવાનો રહેશે.

(૨). ઉપરોકત સમયખંડની સમય મર્યાદામાં સંજોગો અનુસાર ફેરફાર કરવાની સત્તા મ્યુ.કમિશ્નરશ્રીને રહેશે .

(૩). કોઈએ ગાંધીસ્મૃતિભવન કોઈપણ એક દિવસે બે કે ત્રણ સેસન માટે એકી સાથે ભાડે રાખ્યું હોય તો વચગાળાના સમય માટે વધારાનું ભાડું લેવામાં આવશે નહી. પરંતુ એરકન્ડીશન ચાલુ રાખવામાં આવશે તો એક કલાકના રૂા. ૧૦૦/— પ્રમાણેનો ચાર્જ લેવામાં આવશે .

(૪). ૧.ગાંધીસ્મૃતિભવનનો ઉપયોગ કરવા માટેના દર આ સાથેના પરિશિષ્ટ — અ મુજબના લેવામાં આવશે .અને પરિશિષ્ટ — બ મુજબની સુવિધા આપવામાં આવશે . રાષ્ટ્રિય તહેવારો કે એવા મહત્વ ના અસાધારણ પ્રસંગોએ કાર્યક્રમની ઉજવણી માટે સુરત મ્યુ.કોર્પોરેશન નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સરકારી સંસ્થાઓ, મ્યુ.કમિશ્નરશ્રીની પરવાનગી થી હોલનો ઉપયોગ વિનામુલ્યે કરી શકશે પરંતુ વીજળી એરકન્ડીશન વિ. ચાર્જીસ અચુક આપવાના રહેશે.

૨. વિજળી વપરાશ અંગે યુનીટના દરમાં વખતોવખત સુધારા વધારા કરવાની સત્તા મ્યુ.કમિશ્નરશ્રીને રહેશે

—: પ્રયોજકની જવાબદારી અને ફરજ :—

૧. કોઈ પ્રયોજક તેના કાર્યક્રમ માટે પોતે જે કોઈ પોતાની સાધનસામગ્રી ,સેટીંગ્સ ,ફરનીચર તથા લાઈટ અંગેની સામગ્રીઓ લાવે તો પ્રયોજકે તેવી વસ્તુઓની યાદી ગાંધીસ્મૃતિભવનના મેનેજરને આપી તેવી વસ્તુઓ તેમને રુબરુ બતાવવાની રહેશે. તથા કાર્યક્રમ બાદ આવી વસ્તુઓ નિર્ધારીત સમય મર્યાદામાં બતાવીને લઈજવાની રહેશે.

વધુમાં કોઈપણ સંસ્થા કે વ્યકિત જયાં સુધી વધારાના સાધનો કોર્પોરેશન તરફથી મળી રહે ત્યાં સુધી બહારના ભાડે લાવી શકશે નહી. અને વધારાના સાધનો લાવવા માટે જરુરી પરવાનગી અગાઉથી લેવાની રહેશે.

૨. ગાંધીસ્મૃતિભવનની લાઈટ તથા સાઉન્ડ વગેરેની કન્ટ્રોલ કેબીનમાં અધિકૃત ઓપરેટર સિવાય અન્ય કોઈ વ્યકિતને પ્રવેશ આપવામાં આવશે નહીં.

દરેક પ્રયોજકે કાર્યક્રમ દરમ્યાન પ્રેક્ષાગારના પ્લાનમાં દર્શાવ્યા મુજબની હરોળમાં મુકરર કરવામાં આવેલી બેઠકો ફરજીયાત રીતે વિનામુલ્યે અનામત રાખવાની રહેશે. આ બેઠકોનો કમિશ્નરશ્રીના આદેશઅનુસાર ઉપયોગ કરવાનો મેનેજમેન્ટને અધિકાર રહેશે.

૩. કાર્યક્રમ દરમ્યાન ગાંધીસ્મૃતિભવનના સ્ટેજ ઉપર કાર્યક્રમ માં ભાગ લેનાર કલાકારો તથા નેપથ્યના કસબીએ તથા અન્ય કોઈવ્યકિત જે અગત્યના કારણોસર કાર્યક્રમ સાથે સંકળાયેલ હોય તે સિવાયની કોઈપણ અન્ય વ્યકિતને પ્રયોજકે દાખલ થવા દેવાની નથી . આવી બીનજરૂરી વ્યકિતઓને મેનેજમેન્ટ સ્ટેજ ઉપરથી દુર કરી શકશે.કાર્યક્રમ સાથે સીધી રીતે સંકળાયેલ વ્યકિતઓની ઓળખ માટે પ્રયોજકે 'બેજ' પુરા પાડવાના રહેશે . જે ધારણ કર્યા સિવાયની વ્યકિતઓને સ્ટેજ ઉપર પ્રવેશ મળી શકશે નહીં.

૪. કાર્યક્રમના પ્રારંભથી અંત સુધી પ્રયોજકે પોતાના તરફથી ઓળખ માટે 'બેજ' ધારણ કરેલા ઓછામાં ઓછા ચાર સ્વયંસેવકોને પ્રેક્ષાગારમાં રાખવાના રહેશે. ઓળખ માટેના 'બેજ' મેનેજરની કચેરીમાંથી પુરા પાડવામાં આવશે . જે કાર્યક્રમ પુરો થયેથી પરત જમા કરાવવાના રહેશે . ગુમ થયેલ 'બેજ' અંગે નંગ દીઠ રૂા. ૨૫—૦૦ જેટલી રકમ ડીપોઝીટમાંથી કાપી લેવામાં આવશે . ખાસ પ્રસંગે મેનેજરની પરવાનગી સિવાય ચાર થી વધુ સ્વયંસેવકો ગાંધીસ્મૃતિભવનના પ્રેક્ષાગારમાં દાખલ થઈ શકશે નહીં.

૫. કાર્યક્રમ અંગે વધારાનું ફર્નીચર ,સેટીંગ્સ,લાઈટ,માઈક, પડદાં,પ્રોપર્ટી વિગેરેની પ્રયોજકોને જરુર હશે તો તેની જરુરીયાત અંગે કાર્યક્રમના બે દિવસ અગાઉ થી મેનેજરને અરજી કરવાની રહેશે . જે અનુસાર જે સાધન સામગ્રી ઉપલબ્ધ્ધ હશે તે પરિશિષ્ટ અનુસાર નિર્ધારીત ભાડાની રકમ અગાઉ થી વસુલ લઈ તેવી સામગ્રી ઉપલબ્ધ્ધ કરવામાં આવશે. આવી તમામ સાધન સામગ્રી કાર્યક્રમ પતી ગયા બાદ તુરતજ સહીસલામત પરત કરવાની પ્રયોજકની જવાબદારી રહેશે . આ સામગ્રીને થયેલ નુકશાનની રકમ ડિપોઝીટમાંથી કાપી લેવામાં આવશે.

૬. કાર્યક્રમ યોજવા અંગે કાયદા અનુસાર પ્રયોજકે ફરજીઆત રીતે મેળવવાના હોય તેવા તમામ જરુરી પરવાના સંબધિત સરકારી—અર્ધસરકારીઓ પાસેથી મેળવીને પ્રયોજકે કાર્યક્રમના અગાઉના દિવસે મેનેજરને તેમની ઓફિસમાં બતાવી તે અંગેના રજીસ્ટરમાં નોંધ કરાવવાની રહેશે . જરુરી પરવાનાઓ રજુ કર્યા સિવાય કાર્યક્રમ યોજવા દેવામાં આવશે નહીં.

૭. કાર્યક્રમ અંગેની ટીકીટોનું વેચાણ ગાંધીસ્મૃતિભવન ખાતે તે માટેની નિર્ધારીત જગ્યા માં પ્રયોજક અગર તેના અધિકૃત પ્રતિનિધિ દ્રવારાજ કરવા દેવામાં આવશે .આ માટે એક દિવસનો એક શો દીઠ રૂા. ૫—૦૦ લઈ ને આપવામાં આવશે.

૮ ગાંધીસ્મૃતિભવનના કાર્યક્રમ માટે કબજો લેતીવખતે મેનેજરની હાજરીમાં તમામ સાધન સામગ્રી, બેઠકો વિગેરે તપાસી લઈ નિર્ધારીત પત્રકમાં પ્રયોજકે સહી કરવાની રહેશે. તેવીજ રીતે કાર્યક્રમ બાદપણ તમામ સાધન સામગ્રી ,બેઠકો વિગેરે મેનેજરની રુબરુ તપાસી કબજો પરત કર્યાની નિર્ધારિત પત્રકમાં સહી કરવાની રહેશે. જો કોઈ સાધન — સામગ્રીને કાર્યક્રમ દરમ્યાન નુકશાન થાય યા તો તે ગુમ થાય તે બદલ પ્રયોજકે નુકશાનની ભરપાઈ કરવાની રહેશે. જે રકમ પ્રયોજક દ્રવારા ભરવામાં આવેલ ડિપોઝીટની રકમમાંથી કાપી લેવામાં આવશે . નુકશાનની રકમ ભરેલ ડિપોઝીટ કરતાં વધુ હશે તો તેટલી વધારાની રકમ ભરપાઈ કરવાની પ્રયોજકની જવાબદારી રહેશે . નુકશાનની આકારણી બાબત કમિશ્નરશ્રીની નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

૯. કાર્યક્રમમાં ભાગ લેનાર સીને કલાકારો અગર અન્ય ટોચના કલાકારોના ચોકકસ નામોની જ પ્રયોજકે જાહેરાત

કરવાની છે . મતલબ કે ટીકીટના વધુ વેચાણ માટે પ્રેક્ષકોમાં છેતરામણી ભરી જાહેરાત પ્રયોજકે તેના પ્રતિનિધિઓને કોઈ પણ રીતે કરવાની નથી . આ પ્રકારની છેતરામણીભરી જાહેરાતના પરિણામે ગાંધીસ્મૃતિભવનમાં કાર્યક્રમ દરમ્યાન ધાંધલ થાય અને તેથી ગાંધીસ્મૃતિભવનની માલમિલ્કતને નુકશાન થાય તેવી પરિસ્થિતિ સર્જાય નહી તે માટેનો યોગ્ય પ્રબંધ કરવાની તમામ જવાબદારી રહેશે.

૧૦. કાર્યક્રમ પુરો થયા બાદ તુરતજ રાત્રીના સમયે સેટીંગ્સ વગેરે નીચે ઉતારવાનું શકય બનશે એવા સાંજોગોમાં કાર્યક્રમના બીજા દિવસે મેનેજર દ્વારા જણાવેલ સમયમર્યાદામાં બહારથી લાવવા માં આવેલ સેટીંગ્સ,ફરનીચર,વગેરે ખસેડી લેવાનું ફરજીઆત રહેશે તેમ કરવામાં પ્રયોજક નિષ્ફળ જશે તો પ્રયોજકના હિસાબે અને જોખમે તેવી સામગ્રી દુર કરવામાં આવશે અને તે અંગે થયેલ ખર્ચની રકમ પ્રયોજક પાસેથી વસુલ કરવામાં આવશે.

૧૧. કાર્યક્રમના આગળના દિવસે ગાંધીસ્મૃતિભવન ખાલી હશે અગર કોઈપણ સમયખંડ માટે રોકાણ ન હોય તો જ પ્રયોજકને સેટીંગ્સ કે અન્ય ગોઠવણી કરવા માટે પરવાનગી આપવામાં આવશે.

૧૨. ગાંધીસ્મૃતિભવનમાં રજુ થનાર કોઈપણ કાર્યક્રમમાં ફટાકડા ,દારુખાનું તથા અન્ય સળગી ઉઠે તેવા જોખમકારક ધડાકીયા પદાર્થોનો ઉપયોગ પ્રેક્ષાગારમાં કે સ્ટેજ ઉપર કરવા દેવામાં આવશે નહીં. જે અનુસાર સળગે તેવા કે ધડાકો થાય તેવા પદાર્થો ગાંધીસ્મૃતિભવનમાં લાવી કે રાખી શકશે નહીં. જેના ભંગ બદલની તમામ જવાબદારી પ્રયોજકની રહેશે .

## —: સામાન્ય સિધ્ધાંતો :—

૧. ગાંધીસ્મૃતિભવન હોલમાં વધારાની ખુરશીઓ મુકવા દેવામાં આવશે નહીં તેમજ ખુરશીઓની ગોઠવણીમાં ફેરફાર કરવા દેવામાં આવશે નહીં. તેમજ ટાઉનહોલની બેઠકો કરતાં કોઈપણ વધારાની વ્યકિતઓને દાખલ કરવા દેવામાં આવશે નહીં.

૨. ગાંધીસ્મૃતિભવનની ઓડિટેરીયમમાં કોઈપણ પ્રકારનું ખાણું કે પીણું લેવા દેવામાં આવશે નહીં બહારના ફેરીયાઓને કે સ્વયંસેવકોને કોઈપણ પ્રકારની ખાવાપીવાની વસ્તુઓ વેચવા દેવામાં આવશે નહીં. અલ્પાહાર, ચા,કોફી,ઠંડાપીણા વગેરે માટે કેન્ટીન ની વ્યવસ્થા કરવામાં આવેલી છે . તેનો ઉપયોગ કરવાનો રહેશે.

૩. ગાંધીસ્મૃતિભવન ઓડીટોરીયમ સાથે સંકળાયેલ સ્ટાફ અને મ્યુ.કમિશ્નરશ્રીએ જે અધિકારીને અધિકાર આપ્યો હોય તેવા કર્મચારીઓ તથા સ્થાયીસમિતિ ના અધ્યક્ષશ્રી ગાંધીસ્મૃતિભવનના વપરાશ દરમ્યાન ગાંધીસ્મૃતિભવનના કોઈપણ ભાગમાં પ્રવેશી કરી શકશે.

૪. અણધાર્યા કે આકસ્મિક સંજોગોમાં ગાંધીસ્મૃતિભવનની સુવિધામાં એરકન્ડીશનીંગ ,સાઉન્ડ તથા ઈલેકટ્રીક પાવર વિગેરે કોઈપણ જાતનો વિક્ષેપ પડેતો તે માટે મહાનગરપાલિકાની જવાબદારી રહેશે નહીં.

૫. ગાંધીસ્મૃતિભવન માં યોજાયેલ કોઈ કાર્યક્રમમાં કોપીરાઈટનો ભંગ થતો હશે તો તે માટે મહાનગરપાલિકાની જવાબદારી રહેશે નહીં.

૬. ગાંધીસ્મૃતિભવનની લાઈટ , માઈક્રોફોન અને એરકન્ડીશનીંગ વગેરે સેવાઓને લગતી તકલીફો અગર ફરીયાદો અંગે મેનેજરનો સંપર્ક સાંધી તેનો નિકાલ કરવાનો રહેશે.

૭. ગાંધીસ્મૃતિભવન લગ્ન કે લગ્નના સંબધી કોઈ કાર્ય માટે ભાડે આપવામાં આવશે નહીં.

૮. ગાંધીસ્મૃતિભવનમાં રજુ કરવામાં આવનાર કાર્યક્રમની રુપરેખા અને પ્રવચનો ,વ્યાખ્યાનો પરિસંવાદો વગેરે હોય તો તે અંગેની માહિતી મ્યુ.કમિશ્નર અગાઉથી માંગી શકશે અને તે આપવામાં ન આવે તો ગાંધીસ્મૃતિભવનનો ઉપયોગ કરવા દેવામાં આવશે નહીં.

૯. ગાંધીસ્મૃતિભવનની બેઠક વ્યવસ્થાના પ્લાનની કાર્યક્રમ દીઠ બે કોપી વિના મુલ્યે આપવામાં આવશે તથા વધારાની દરેક કોપી માટે રૂા. ૩/— નો ચાર્જ લઈ આપવામાં આવશે.

૧૦. કાર્યક્રમ અંગેની જાહેરખબરમાં આમંત્રણ કે ટીકીટો કાઢવામાં આવે તો તેના ઉપર '' સુરત મહાનગરપાલિકા '' ''ગાંધી સ્મૃતિભવન'' ફરજીયાત લખવાનું રહેશે .

૧૧. ઈલેકટ્રીક લાઈટ અને પંખાના વપરાશ માટે ગાંધીસ્મૃતિભવનના મેનેજરનો અંકુશ રહેશે.

૧૨. ગાંધીસ્મૃતિભવનના મકાનમાં કે કમ્પાઉન્ડમાં પરવાનગી સિવાય ચા—નાસ્તા કે કોઈ વસ્તુ તૈયાર કરાવી શકાશે નહીં.

૧૩. ડિપોઝીટની રકમ કાર્યક્રમ પુરો થયા બાદ સાધારણ રીતે દિન — આઠમાં પરત કરવામાં આવશે અને તે સમય દરમ્યાન ન મળે તો અરજી કરવી.

૧૪. કાર્યક્રમને લાગતું જાહેરાતનું એક બોર્ડ કાર્યક્રમની તારીખથી ૮ (આઠ) દિવસની અંદર વિના મુલ્યે મુકવા દેવામાં આવશે. પરંતુ તે પહેલા મુકવા માટે એક બોર્ડ દીઠનો રોજનો રૂા.૫.૦૦ ચાર્જ આપવાનો રહેશે. અને કાર્યક્રમ પુરો થયેથી જાહેરાતનું બોર્ડ લઈજવામાં નહી આવશે તો રોજના રૂા. ૫—૦૦ નો ચાર્જ આપવાનો રહેશે . તેમજ કાર્યક્રમમાં જ સ્ટેજ ઉપર કે ફોયરમાં કાર્યક્રમ સિવાયની ધંધાદારી જાહેરાતના એક બોર્ડના બેનરના એક શો દીઠનો રૂા.૫૦—૦૦ નો ચાર્જ આપવાનો રહેશે.

૧૫. ગાંધીસ્મૃતિભવનના ઉપરોકત સિંધ્ધાતોના અર્થઘટન અને તેમાંથી ઉપસ્થિત થતી કોઈ પણ બાબતમાં મ્યુ.કમિશ્નરનો નિર્ણય આખરી અને બંધનકર્તા ગણાશે જેનો ભંગ બદલ મ્યુ.કમિશ્નરશ્રી રૂા. ૧૦૦/— સુધી દંડ કરી શકશે

—: પ રિ શિ ષ્ટ અ :—

ગાંધીસ્મૃતિ ભવનનો ઉપયોગ કરવા માટેના દર

| કાર્યક્રમનો પ્રકાર | સમય મર્યાદા | હોલ ભાડું ખુરશીઓ, માઈક, લાઈટ<br>——————<br>શનિવાર, રવિવાર તથા જાહેર તહેવારોના દિવસો | ફર્નીચર, પડદા વિગેરેસહીત<br>——————<br>અઠવાડીયા ના સામાન્ય દિવસે | એરકન્ડીશન નો ચાર્જ | કુલ ચાર્જ |
|---|---|---|---|---|---|
| ૧.શૈક્ષણિકસંસ્થાઓ (સ્થાનીક) વ્યાખ્યાનો તેમજ પરિસંવાદ માટે પહેલો તથા બીજો સમય ખંડ માટે . | ૩ા કલાક | — | ૨૫૦/— | ૮૦૦/— | ૧૦૫૦/— |
| ૨.મનોરંજન કાર્યક્રમો,નાટક, બેલે નૃત્યનાટીક,શાસ્ત્રીયનૃત્ય, રાસ —ગરબા,સુગમગીત સંગીત | ૩ા કલાક | ૫૦૦/— | — | ૮૦૦/— | ૧૩૦૦/— |
| જાદુ,ગીતગઝલ,ભજન,કવ્વાલી , ડાયરો,મીટીંગો વિગેરેમાટે | ૩ા કલાક | — | ૪૦૦/— | ૮૦૦/— | ૧૨૦૦/— |
| ૩.ફીલ્મીગીત,સંગીત (ઓરકેસ્ટ્રા) | ૩ા કલાક | ૭૦૦ | — | ૮૦૦/— | ૧૫૦૦/— |
| બ્રેકડાન્સ,ડીસ્કોડાન્સ,ફેશન શો વિગેરે માટે . | ૩ા કલાક | — | ૬૦૦/— | ૮૦૦/— | ૧૪૦૦/— |
| ૪.મીટીંગો,સેમીનાર,પરીસંવાદ વિગેરે માટે | ૮ કલાક | ૮૦૦/— | — | ૧૬૦૦/ | ૨૪૦૦/— |
| | ૮ કલાક | — | ૭૦૦/— | ૧૬૦૦/— | ૨૩૦૦/— |

નોંધ :— ઉપરોકત ભાડા ઉપરાંત વિજળી ચાર્જ રૂા. ૨/— વપરાશ મુજબ યુનિટ દીઠ આપવાનો રહેશે એરકન્ડીશનીંગ ના વપરાશનો —યુનિટનો ચાર્જ લેવામાં આવશે નહીં.જાહેર તહેવારના દિવસો અંગે સુરત મ્યુ.કોર્પોરેશને જાહેર કરેલી જાહેરતહેવારની રજા ગણાશે.

**—: પરિશિષ્ટ — બ :—**

—: ગાંધીસ્મૃતિ ભવનના પ્રેક્ષાગરની વિગતો :—

૮૧૬ બેઠક ધરાવતું પ્રેક્ષાગાર તથા રંગમંચ સંપુર્ણ રીતે વાતાનુકુલ છે .

રંગમંચ :— રગમંચની પહોળાઈ ૨૧.૦ મીટર,ઉડાઈ ૧૪.૦ મીટર,ઉંચાઈ ૧૪.૦ મીટર તથા લંબાઈ ૧૩.૦ મીટર છે .

જવનીકા :— ઈલેકટ્રીક કન્ટ્રોલની સગવડવાળો મુખ્ય વેલવેટનો પડદો તથા અન્ય ત્રણ પડદા મળી કુલ ચાર પડદા "સાયકલોરમા"

રંગમંચ ઉપર નીચે જણાવેલી લાઈટો તથા માઈક વિગેરે આપવામાં આવશે જે અંગે કોઈ વધારાનો ચાર્જ લેવામાં આવશે નહીં.

| | | |
|---|---|---|
| ૨૦૦૦ વોલ્ટ —સોલર સ્પોટ લાઈટ | — | ૨ |
| ૧૦૦૦ વોલ્ટ " " | — | ૨ |
| ૫૦૦ વોલ્ટ બેબી સ્પોટ લાઈટ | — | ૬ |
| ૫૦૦ વોલ્ટ ફલડ લાઈટ | — | ૮ |
| માઈક........... | — | ૭ |

—: પ રિ શિ ષ્ટ — ક :—

પ્રયોજકો દ્વારા ફરજીયાત રીતે મેળવવાના પરવાના, મનોરંજન કર મ્યુનિસિપલ વેરા વિગેરે બાબત :—

(૧). ગીત,સંગીત,નૃત્ય નાટય, રાસ—ગરબા,ગઝલ , કવ્વાલી ,મુશાયરો તથા કવિ સંમેલનો,ફીલ્મી તેમજ સુગમ ગીતો વિગેરે જેવા તમામ પ્રકારના સાંસ્કૃતિક કાર્યક્રમો માટે સચિવશ્રી, ગુજરાત સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રમાણપત્ર બોર્ડ સચિવાલય , ગાંધીનગર પાસેથી યોગ્યતા સ્ક્રીપ્ટ લાયસન્સ મેળવવાનું રહેશે. જેની ચકાસણી માટે સરકારશ્રી દ્વારા મોકલેલ અધિકારી કે નિયુકત પ્રતિનિધિને કાર્યક્રમ દરમ્યાન પ્રેક્ષાગરમાં અનુકુળ બેઠક વ્યવસ્થાપકે ફરજીયાત રીતે ફાળવી આપવાની રહેશે .

(૨). કલેકટરશ્રી, સુરત પાસેથી "કરમુકિત" મનોરંજન કરવેરા મુકતિ લાયસન્સ મેળવવાનું રહેશે.

(૩)પોલીસ કમિશ્નરશ્રી ,સુરત પાસેથી "પરફોમન્સ"લાયસન્સ તથા ટીકીટ સેલીંગ સેન્ટરનું લાયસન્સ મેળવવાના રહેશે .

(૪). કાર્યક્રમ પ્રવેશ ફી વિનાનો રાખ્યો હોય અને ફકત આમંત્રણ પત્રીકા રાખવામાં આવી હોય તો ઉપરના તમામ લાયસન્સો ઉપરાંત સુરત મહાનગરપાલિકાના સીધાવેરા અમલદાર પાસેથી મનોરંજન કરમુકતી (થીયેટર ટેક્ષ ફ્રી) નું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે પ્રવેશ ફી નો દર રાખવામાં આવ્યો હશે તો ભરેલડીપોઝીટમાંથી થીયેટર ટેક્ષ (મનોરંજન કર ) ની રકમ વસુલ લેવામાં આવશે .

(૫). લાયસન્સ સિવાય ગાંધીસ્મૃતિભવનમાં કાર્યક્રમ થઈ શકશે નહીં.

ઠરાવ નં. ૩૦૩ સર્વાનમતે મંજુર

::::::::::::::

સુરત મહાનગરપાલિકાની તા. ૨૭.૧૨.૮૮ ના રોજ શરુ થઈને છેવટે તા. ૨૮.૧૨.૮૮ ના રોજ મળીને અચોકકસ મુદત માટે મુલતવી રહેલી માસિક સાધારણ સભા તા. ૨૩.૧.૮૯ ના રોજ સાંજના ૪.૦૦ કલાકે મહાનગરપાલિકા કચેરીના " ગાંધીખંડ" માં મળી તે સભાનો અહેવાલ.

ઠ રા વ :–

સ્થાયીસમિતિના તા. ૧૯.૧૧.૮૮ ના ઠરાવ નં. ૧૫૮૧ થી ભલામણ કર્યા મુજબ સામાન્ય સભાએ તેના તા. ૧૨.૧.૮૮ ના ઠરાવ નં. ૩૦૩ થી " ગાંધીસ્મૃતિભવનનાં" મંજુર કરેલા નિયમોમાં પ્રયોજકની જવાબદારી અને ફરજના નિયમ નં. ૭ માં બુકીંગ ઓફિસનો રોજનો રૂા. ૫/– ચાર્જ લેવાનું કેન્સલ કરી નીચે જણાવ્યા મુજબનો નવો નિયમ ઉપયોગ કરવાના દરના નિયમ નં. ૪ માં આઈટમ નં. ૩ તરીકે આમેજ કરવા તથા તેનો અમલ ઠરાવની તારીખથી બે માસ બાદ કરવાની મંજુરી આપવામાં આવે છે .

નવો નિયમ :– ૪ (૩)

ડીપોઝીટ તથા ગાંધી સ્મૃતિભવનના ઉપયોગ કરવા માટે ના દર :–

જાહેર સેવાકીય તમામ સંસ્થાઓ જાહેર ટ્રસ્ટો , કલબો , શૈક્ષણિક સંસ્થાઓ જ્ઞાતિ સામાજિક કાર્યકરતા મંડળો , સરકારી અર્ધસરકારી ઓફિસો અને તેની કલબો , ગીત , સંગીત , નૃત્ય નાટય , મનોરંજન અને સાંસ્કૃતિક ( કલા) પ્રવૃત્તિઓ તથા રમતગમતની પ્રવૃત્તિઓ કરતી તમામ સંસ્થાઓનું કે જેઓનું બંધારણ , ઉદ્દેશો , હોદ્દેદારો સહિત વ્યવસ્થાપક સમિતિઓ આવક જાવક ના હિસાબો રાખતી હોય તેવી તમામ સંસ્થાઓ સિવાય જે તે વ્યકિતઓ અંગત આવક માટે ટીકીટો રાખીને ધંધાર્થે જે કાર્યક્રમ કરે તે નિયમ નં. ૪ (૧) ના પરિશિષ્ટ – 'અ' ની આઈટમ નં.૨ માં જણાવેલ તમામ કાર્યક્રમો માટે તેમજ આઈટમ નં. ૩ માં જણાવેલ તમામ કાર્યક્રમો માટે તેની સામે જણાવેલ દરો ઉપરાંત હોલ ભાડાના રૂા. ૧૦૦/– તથા એરકન્ડીશન ચાર્જના રૂા. ૨૦૦/– મળી કુલ રૂા. ૩૦૦/– વધુ લેવા.

<u>ઠરાવ નં. ૩૫૩ સર્વાનુમતે મંજુર</u>

:::::::::::::::

સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની અઠવાડીક સાધારણ સભા ગુરુવાર તા.૧૨–૧૨–૯૧ના રોજ બપોરના ૩–૦૦ કલાકે મહાનગરપાલિકા કચેરીના સમિતિખંડ માં તા. ૯–૧૨–૯૧ના કાર્યસૂચિતમાં જણાવેલ કામો પર વિચારણા કરવા સારું મળી તે સભાનો અહેવાલ.

ઠ રા વ :–

મ્યુ. કમિશનરશ્રીના તા.૭–૧૨–૯૧ના પત્ર નં. સીસ્થાસ /૮૦૯થી વિદિત થઈ,તેમાં જણાવેલ સઘળી માહીતી ધ્યાને લઈ ચર્ચા વિચારણા કર્યા બાદ,ગાંધી સ્મૃતિ ભવનના ભાડા અંગે સમગ્રસભાના તા.૧૨–૧–૮૮ ના ઠરાવ નં.૩૦૩થી મંજુર કરવામાં આવેલા સિદધાંતોના ડીપોઝીટ તથા ગાંધી સ્મૃતિ ભવનના ઉપયોગ કરવા માટેના દરના નિયમ નં.૪(૧) નું પરિશિષ્ટ–અ કેન્સલ કરવાનું તથા નીચે પરિશિષ્ટ– અ મુજબના દરો રાખવાનું તથા નિયમ નં.૧માં જણાવેલ ડિપોઝીટની રકમ લેવાને બદલે નીચે પરિશિષ્ટ–અ માં જણાવ્યા મુજબની ડીપોઝીટ લેવાનું તથા નિયમ નં.૩(૧) માં જણાવ્યા મુજબ સમયખંડની મર્યાદા માં પરવાનાને આધિન રહીને વધુ સમય માટે કાર્યક્રમ ચાલશે તો દર અર્ધા કલાક અગર તેના ભાગ દીઠ રૂા.૫૦/– ના બદલે રૂા.૧૦૦/– નો વધારાનો દર હોલ ભાડામાં તથા એરકન્ડીશન ચાર્જના રૂા.૧૦૦/– ના બદલેરૂા.૧૫૦/– વસુલ લેવાનું અને તેનો અમલ તા.૧–૪–૯૨થી કરવાનું ઠરાવવામાં આવે છે.

પરિશિષ્ટ–અ

ગાંધી સ્મૃતિ ભવનના ઉપયોગ કરવા માટેનો દર

| અ. ન. | કાર્યક્રમનો પ્રકાર | સમય મર્યાદા | હોલનુંભાડુ,ખુરશીઓ પડદા જનરલ લાઈટ માઈક સહિત | એરકન્ડીશન ચાર્જરૂા. | કુલચાર્જરૂા. | ડીપોઝીટ રૂા. |
|---|---|---|---|---|---|---|
| ૧. | (અ) શૈક્ષણિક સંસ્થાઓ (સ્થાનિક) વ્યાખ્યાનો પરિસંવાદ માટે પહેલો તથા બીજો સમયખંડ માટે | ૩// કલાક | ૫૫૦/– | ૧૩૦૦/– | ૧૮૫૦/– | ૬૫૦/– |
| | (બ) મીટીંગો –સેમીનાર –પરિસંવાદ પ્રવચનો વિગેરે માટે. | ૩// કલાક<br>૭ કલાક | ૭૦૦/–<br>૧૧૦૦/– | ૧૩૦૦/–<br>૨૬૦૦/– | ૨૦૦૦/–<br>૩૭૦૦/– | ૮૦૦/–<br>૧૦૦૦/– |
| ૨. | મનોરંજન કાર્ય,નાટક બેલે,નૃત્યનાટિકા શાસ્ત્રીય નૃત્ય,રાસ ગરબા,સુગમસંગિત,જાદુ, ગીત–ગઝલભજન,મુશાયરા કવ્વલી,ડાયરો વિગેરે માટે. | ૩//– કલાક | ૭૦૦/– | ૧૩૦૦/– | ૨૦૦૦/– | ૮૦૦/– |
| ૩. | ફિલ્મીગીત સંગીત (ઓરકેસ્ટ્રા) ડાન્સ,ડિસ્કો ડાન્સ કુશનશો | ૩//– કલાક | ૧૧૦૦/– | ૧૬૦૦/– | ૨૭૦૦/– | ૧૦૦૦/– |

નોંધ :– ભાગ ઉપરાંત વિજળીચાર્જ રૂા.૩–૦૦ વપરાશ મુજબ યુનીટ દીઠનો આપવાનો રહેશે.

<u>ઠરાવ નં. ૧૪૨૨ સર્વાનુમતે મંજુર.</u>

:::::::::::::::

ઠ રા વ :–

મ્યુ.કમિશનરશ્રીના પત્રથી વિદિત થઈ સ્થાયીસમિતિના તા. ૧૨.૧૨.૯૧ ના ઠરાવ નં. ૧૪૪૨ થી ગાંધીસ્મૃતિભવનનો ઉપયોગ કરવા માટે મંજુર થયેલ દરો (પરિશિષ્ટ –અ)તથા સમગ્ર સભાના તા. ૧૨.૧.૮૮ ના ઠરાવ નં. ૩૦૩ થી ગાંધીસ્મૃતિ ભવનના પ્રેક્ષાગાર ની મંજુર થયેલ વિગતો (પરિશિષ્ટ –અ) રદ કરવાનું તથા તે નીચે ના પરિશિષ્ટ – 'અ' તથા પરિશિષ્ટ 'બ' મુજબ રાખવાનું તેમજ સમગ્ર સભાના તા. ૨૩.૧.૮૯ ના ઠરાવ નં. ૩૫૩ થી ગાંધી સ્મૃતિ ભવન નો ઉપયોગ કરવા અંગે મંજુર થયેલ નિયમ – ૪ ની આઈટમ નં. ૩ રદ કરવાનું તથા સ્થાનીક કક્ષા સંસ્થાઓ અને કલાકારોને પ્રોત્સાહન આપવા નીચે મુજબનો નિયમ – ૪ (૩) આમેજ કરવાનું તથા નિયમ – ૩ (૧) માં જણાવ્યા મુજબ સમયખંડની મર્યાદા પરવાનાને આધિન રહીને વધુ સમય માટે કાર્યક્રમ ચાલે તો દર અડધા કલાક અગર તેના ભાગદીઠ રૂા. ૧૦૦/– ના બદલે રૂા. ૨૦૦/– નો દર હોલ ભાડામાં અને એરકન્ડીશન ચાર્જ રૂા. ૧૫૦/– ને બદલે રૂા. ૩૦૦/– વસુલ કરવાનું તથા તેનો અમલ તા. ૧.૪.૯૫ થી કરવાનું મંજુર કરવામાં આવે છે .

પ રિ શિ ષ્ટ – અ

ગાંધીસ્મૃતિભવનનો ઉપયોગ કરવા માટેના દર

| કાર્યક્રમનો પ્રકાર | સમય મર્યાદા | હોલં ભાડું , ખુરશીઓ પડદા, જનરલ લાઈટ , માઈક સહીત રૂા. | એર કન્ડીશન ચાર્જ રૂા. | કુલ ચાર્જ રૂા. | ડીપોઝીટ રૂા. |
|---|---|---|---|---|---|
| ૧.અ. શૈક્ષણિક સંસ્થાઓ (સ્થાનીક) વ્યાખ્યાનો પરિસંવાદ માટે પહેલો તથા બીજો સમયખંડ માટે | ૩ા કલાક | ૮૫૦/– | ૨૩૦૦/– | ૩૧૫૦/– | ૧૦૦૦/– |
| બ. મીટીગો–સેમીનાર–પરિસંવાદ પ્રવચનો વિગેરે માટે | ૩ા કલાક | ૧૦૦૦/– | ૨૩૦૦/– | ૩૩૦૦/– | ૧૫૦૦/– |
| | ૭ કલાક | ૧૭૦૦/ | ૪૬૦૦/– | ૬૩૦૦/– | ૨૦૦૦/– |
| ૨.મનોરંજન કાર્યક્રમ, નાટક,બેલે. નૃત્ય નાટિકા, શાસ્ત્રીય નૃત્ય,રાસ, ગરબા, સુગમસંગીત, , ગીતસંગીત,જાદુ,ગીત ગઝલ,ભજન , મુશાયરો, કવ્વાલી ,ડાયરો વિગેરે માટે | ૩ા કલાક | ૧૧૦૦/– | ૨૫૦૦/– | ૩૬૦૦/– | ૧૫૦૦/– |
| ૩.ફિલ્મીગીત સંગીત (ઓરકેસ્ટ્રા) બ્રેક ડાન્સ,ડીસ્કો ડાન્સ , કુશન શો | ૩ા કલાક | ૧૫૦૦/ | ૨૮૦૦/– | ૪૩૦૦/– | ૧૬૦૦/– |

નોંધ :–

(૧).ભાડાં ઉપરાંત વિજળી ચાર્જ રૂા. ૫/– (પાંચ) વપરાશ મુજબ યુનીટ દીઠના આપવાનો રહેશે.

–: પરિશિષ્ટ – બ :–

–: ગાંધીસ્મૃતિ ભવનના પ્રેક્ષાગરની વિગતો :–

૮૧૬ બેઠક ધરાવતું પ્રેક્ષાગાર તથા રંગમંચ સંપુર્ણ રીતે વાતાનુકુલ છે .

રંગમંચ :– રગમંચની પહોળાઈ ૨૧.૦ મીટર,ઉડાઈ ૧૪.૦ મીટર,ઉંચાઈ ૧૪.૦ મીટર તથા લંબાઈ ૧૩.૦ મીટર છે .

જવનીકા :– ઈલેકટ્રીક કન્ટ્રોલની સગવડવાળો મુખ્ય વેલવેટનો પડદો તથા અન્ય ત્રણ પડદા મળી કુલ ચાર પડદા

તથા રંગમંચ ઉપર નીચે જણાવેલી લાઈટો તથા માઈક વિગેરે આપવામાં આવશે જે અંગે કોઈ વધારાનો ચાર્જ લેવામાં આવશે નહીં.

૫૦૦ વોલ્ટ બેબી સ્પોટ લાઈટ – ૬
૧૦૦૦ વોલ્ટ સોલર સ્પોટ લાઈટ – ૨
૫૦૦ વોલ્ટ ફલડ લાઈટ – ૮
૫૦૦ વોલ્ટ હેલોઝન લાઈટ – ૪
માઈક........... – ૭

નિયમ નં . ૪ (૩)

સુરત મહાનગરપાલિકાની હદવિસ્તારમાં આવેલ કોઈપણ સંસ્થા અગર વ્યકિત સુરત મહાનગરપાલિકાની હદમાં આવેલ સંગીત ,નૃત્ય,નાટય , સાહિત્ય વિગેરે સ્થાનીક કલા સંસ્થાઓના અગર વ્યકિતગત રીતે

સ્થાનીક કલાકારોના કાર્યક્રમ રજુ કરે કે જેમાં વાદય સહીતના તમામ કલાકારો સ્થાનીક હોય તેવા કાર્યક્રમો માટે નિયમ – ૪ (૧) ના પરિશિષ્ટ – 'અ' ની આઈટમ નં. ૨ માં જણાવેલ તમામ કાર્યક્રમ માટે થનાર ખર્ચમાંથી રૂા. ૫૦૦/– તેમજ આઈટમ ૩ માં જણાવેલ તમામ કાર્યક્રમ માટે થનાર ખર્ચમાંથી રૂા. ૫૦૦/–નું વળતર (ડીસકાઉન્ટ) આપવામાં આવશે .

<u>વહીવટદાર ઠરાવ નં. ૯૭૬, તા. ૩૦.૧.૯૫</u>

::::::::::::::

સુરત મહાનગરપાલિકાની સ્થાયીસમિતિની અઠવાડીક સાધારણ સભા ગુરુવાર તા. ૧૬.૭.૯૮ ના રોજ સાજના ૪.૦૦ કલાકે મહાનગરપાલિકા કચેરીના નવા એનેક્ષી બીલ્ડીંગના " સ્થાયીસમિતિ સભાખંડ" માં તા. ૧૩.૭.૯૮ ની કાર્યસુચિમાં જણાવેલ કામો પર વિચારણા કરવા સારુ મળી તે સભાનો હેવાલ .

<u>ઠ રા વ :–</u>

મ્યુ.કમિશ્નરશ્રીના તા. ૧૧.૭.૯૮ ના પત્ર નં. સી.સ્થા.સ./૩૨૧ થી વિદિત થઈ તેમાં જણાવેલ સઘળી માહીતી ધ્યાને લઈ ચર્ચા વિચારણા કર્યા બાદ , ગાંધી સ્મૃતિભવનના ઉપયોગ માટે વહીવટદાર ઠરાવ નં. ૯૭૬ , તા. ૩૦.૧.૯૫ થી મંજુર કરવામાં આવેલ દરોમાં નિયમ – ૪ (૧) ના પરિશિષ્ટ – 'અ' મુજબના દરો કેન્સલ કરવાનું તથા નીચે પરિશિષ્ટ – 'અ' મુજબના દરો રાખવાનું તેમજ નિયમ – ૪ (૩) કેન્સલ કરવાનું અને તેને બદલે નીચે જણાવ્યા મુજબનો નિયમ – ૪ (૩) આમેજ કરવાનું તથા નિયમ નં. ૩ (૧) માં જણાવ્યા મુજબ સમયખંડની મર્યાદામાં પરવાનાને આધિન રહી વધુ સમય માટે કાર્યક્રમ ચાલે તો દર અડધા કલાક અગર તેના ભાગ દીઠ હોલ ભાડામાં રૂા. ૨૦૦/– ના બદલે રૂા. ૩૦૦/– અને એરકન્ડીશન ચાર્જ રૂા. ૩૦૦/– ના બદલે રૂા. ૪૦૦/– વસુલ લેવાનું અને તેનો અમલ તા. ૧.૧૦.૯૮ થી કરવાનું ઠરાવવામાં આવે છે .

પ રિ શિ ષ્ટ – 'અ'

ગાંધીસ્મૃતિ ભવનનો ઉપયોગ કરવા માટેના દરો

| કાર્યક્રમનો પ્રકાર | સમય મર્યાદા | હોલનુ ભાડું ખુરશીઓ, પડદો,જનરલ લાઈટ માઈક સહીત રૂા. | એરકન્ડીશન ચાર્જ રૂા. | કુલ ચાર્જ | ડીપોઝીટ રૂા. |
|---|---|---|---|---|---|
| ૧.(અ) શૈક્ષણિક સંસ્થાઓ (સ્થાનીક ) વ્યાખ્યાનો , પરિસંવાદ માટે પહેલો તથા બીજો સમયખંડ | ૩ા કલાક | ૧૩૫૦/– | ૩૩૦૦/– | ૪૬૫૦/– | ૧૦૦૦/– |
| (બ) મીટીંગ – સેમીનાર – પરિસંવાદ પ્રવચન વિગેરે માટે | ૩ા કલાક | ૧૫૦૦/– | ૩૩૦૦/– | ૪૮૦૦/– | ૧૫૦૦/– |
| | ૭ કલાક | ૨૭૦૦/– | ૬૬૦૦/– | ૯૩૦૦/– | ૨૦૦૦/– |
| ૨.નાટક બેલે (નૃત્ય નાટીકા) શાસ્ત્રીય નૃત્ય ,રાસ – ગરબા સુગમગીત–સંગીત,ગીત, ગઝલ, ભજન, ડાયરો, મુશાયરો, (કવિ સંમેલન) કવ્વાલી ,જાદુ, વિગેરે માટે | ૩ા કલાક | ૧૬૦૦/– | ૩૫૦૦/– | ૫૧૦૦/– | ૧૫૦૦/– |
| ૩.ફિલ્મીગીત–સંગીત (ઓરકેસ્ટ્રા),બ્રેકડાન્સ, ડીસ્કો ડાન્સ,ફેશનશો | ૩ા કલાક | ૨૦૦૦/– | ૩૮૦૦/– | ૫૮૦૦/– | ૧૭૦૦/– |

નોંધ :–

(૧). ભાડા ઉપરાંત વીજળી ચાર્જના રૂા. ૬/– વપરાશ મુજબ યુનિટ દીઠના આપવાના રહેશે .

(૨). ઓડીટોરીયમમાં રેમ્પ બાંધવાના એક શો દીઠના રૂા. ૧,૦૦૦/– નું ભાડુ અલાયદુ આપવાનું રહેશે .

(૩). કાર્યક્રમોના પ્રકાર પ્રમાણે વધારાની ડીપોઝીટ લેવાની સત્તા કમિશ્નરશ્રીને કે તેના અધિકૃત અધિકારીશ્રીની રહેશે .

નિયમ નં. ૪ (૩) :–

સુરત મહાનગરપાલિકાની હદ વિસ્તારમાં આવેલ રજીસ્ટર/નોંધણી થયેલ જાહેર સેવાકીય સંસ્થાઓ, ટ્રસ્ટો,રજીસ્ટર કલબો, શૈક્ષણીક સંસ્થાઓ ,જ્ઞાતિ,સામાજીક કાર્ય કરતા મંડળો,સરકારી,અર્ધસરકારી ઓફિસ અને તેની કલબો ,ગીત – સંગીત,નૃત્ય,નાટય ,મનોરંજન અને સાંસ્કૃતિક (કલા–સાહિત્ય) પ્રવૃત્તિ તથા રમત ગમતની પ્રવૃત્તિઓ કરતી તમામ સંસ્થાઓ કે જેઓનું બંધારણ,ઉદ્દેશ,હોદ્દેદારો સહિત વ્યવસ્થાપક સમિતિઓ ,વાર્ષિક મીટીંગનો રીપોર્ટ , ઓડીટ થયેલા આવક –જાવકના હિસાબો રાખતી હોય તેવી તમામ સંસ્થાઓ, સુરત મહાનગરપાલિકાની હદમાં આવેલ સ્થાનીક કલાસંસ્થાઓ કે જેમાં વાદ્ય સહિતનો તમામ કલાકારો સ્થાનીક હોય તેવી સંસ્થાઓના કાર્યક્રમો કરે તો અથવા ઉપર મુજબની સ્થાનીક સંસ્થા પોતે કાર્યક્રમ કરે તો નિયમ – ૪ (૧) ના પરિશિષ્ટ – 'અ' ની આઈટમ નં. ૨ માં જણાવેલ તમામ કાર્યક્રમો માટે થનાર ખર્ચમાંથી રૂા. ૬૦૦/– નું વળતર (ડીસકાઉન્ટ) આપવામાં આવશે.

<u>ઠરાવ નં. ૧૧૬૭/૯૮ સર્વાનુમતે મંજુર</u>

::::::::::::::

સુરત મહાનગરપાલિકાની સ્થાયીસમિતિની તા. ૨૩.૭.૯૮ ના રોજ મળીને કોરમના અભાવે મુલતવી રહેલી અઠવાડીક સાધારણસભા શુક્રવાર તા. ૨૪.૭.૯૮ ના રોજ સાંજના ૪.૦૦ કલાકે મહાનગરપાલિકા કચેરીના નવા એનેક્ષી બીલ્ડીંગના "સ્થાયીસમિતિ સભાખંડ " માં તા. ૨૦.૭.૯૮ ની કાર્યસુચિમાં જણાવેલ કામો પર વિચારણા કરવા સારુ મળી તે સભાનો હેવાલ.

ઠ રા વ :—

મ્યુ.કમિશનરશ્રીના તા. ૧૮.૭.૯૮ ના પત્ર નં. સીસ્થાસ/૩૪૬ થી વિદિત થઈ , ગાંધીસ્મૃતિભવનમાં યોજવામાં આવતા કાર્યક્રમો માટે ઈફેકટો/ માઈકોનું ભાડું લેવા માટે વહીવટદાર (સ્થાયીસમિતિ) ઠરાવ નં. ૧૮૧૭ , તા. ૩૦.૩.૯૫ થી મંજુર કરવામાં આવેલ ભાડાના દરો રદ કરવાનું તથા ગાંધીસ્મૃતિભવનમાં યોજાતા તમામ કાર્યક્રમો માટે નીચે અં.નં. ૧ થી ૨૪ માં જણાવેલ ઈફેકટ લાઈટો/ માઈકો રીઝર્વેશન મેળવનાર વ્યકિતઓ કે સંસ્થાઓ ઉપયોગ કરવા ઈચ્છે તો તેની પાસેથી જરુરીયાત મુજબની ડીપોઝીટ લઈને નીચે જણાવ્યા મુજબનું ભાડુ તા. ૧.૧૦.૯૮ થી લેવાની મંજુરી આપવાનું ઠરાવવામાં આવે છે .

| અ.નં. | સાધનોના નામ | ભાડું |
|---|---|---|
| ૧. | ૫૦૦ વોટ બેબી સ્પોટ લાઈટ નંગ – ૦૧ ના | ૩૦–૦૦ |
| ૨. | ૫૦૦ વોટ ફલ્ડ લાઈટ નંગ –૦૧ ના | ૨૦–૦૦ |
| ૩. | માઈક નંગ – ૧ ના | ૨૦–૦૦ |
| ૪. | ૫૦૦/૧૦૦ વોટ હેલોઝોન લાઈટ નંગ – ૦૧ ના | ૨૫–૦૦ |
| ૫. | નાની બેબી (ડીન્કી) લાઈટ નંગ –૦૧ ના | ૧૫–૦૦ |
| ૬. | હોકી નંગ – ૦૧ ના | ૧૦–૦૦ |
| ૭. | કલર વ્હીલ નંગ – ૦૧ના | ૧૫–૦૦ |
| ૮. | ૨ કીલો વોટ ડીમર નંગ – ૦૧ ના | ૪૦–૦૦ |
| ૯. | ૪ કીલો વોટ ડીમર નંગ – ૦૧ ના | ૬૦–૦૦ |
| ૧૦. | સ્ટ્રો લાઈટ નંગ –૦૧ ના | ૧૦૦–૦૦ |
| ૧૧. | મીટર બોલ (સ્ટાર બોલ) નંગ –૦૧ ના | ૭૫–૦૦ |
| ૧૨. | ૫૦૦ વોટ મીટર સ્પોટ (લાઈટ) નંગ –૦૧ ના | ૩૦–૦૦ |
| ૧૩. | બ્લેકવુડ લેમ્પ (અલ્ટ્રાવાયોલેટ ) નંગ – ૦૧ | ૧૦૦–૦૦ |
| ૧૪. | બાઉન્ડર (૫૦૦ વોટ બેબીસ્પોટ માટે ) નંગ –૦૧ | ૫–૦૦ |
| ૧૫. | સીકવન્સ લાઈટ (યુનિટ) નંગ –૦૧ ના | ૧૫૦–૦૦ |
| ૧૬. | સાયકલોરમાં પડદો | ૭૫–૦૦ |
| ૧૭. | ડીટેકટીવ પડદો | ૨૦૦–૦૦ |
| ૧૮. | પ્રોજેકટ મશીન (સાયકલોરમાં પડદા) સાથે નંગ –૦૧ ના | ૧૫૦–૦૦ |
| ૧૯. | સાદા લેમ્પ નંગ – ૦૧ ના | ૫–૦૦ |
| ૨૦. | કેસેટ પ્લેયર નંગ –૦૧ ના | ૩૦–૦૦ |
| ૨૧. | ઈફેકટ કેસેટ / ડીસ નંગ – ૦૧ ના | ૧૫–૦૦ |
| ૨૨. | ૧૦૦૦/૨૦૦૦ વોટ સોલાર લાઈટ નંગ – ૦૧ ના | ૬૦–૦૦ |
| ૨૩. | માઈક સ્ટેન્ડ નંગ –૦૧ ના | ૨૦–૦૦ |
| ૨૪. | સ્પીકર સ્ટેન્ડ નંગ – ૦૧ ના | ૨૦–૦૦ |

ઠરાવ નં. ૧૧૯૭/૯૮ સર્વાનુમતે મંજુર

:::::::::::::::

સુરત મહાનગરપાલિકાની સ્થાયીસમિતિની તા. ૨૩.૭.૯૮ ના રોજ મળીને કોરમના અભાવે મુલતવી રહેલી અઠવાડીક સાધારણસભા શુક્રવાર તા. ૨૪.૭.૯૮ ના રોજ સાંજના ૪.૦૦ કલાકે મહાનગરપાલિકા કચેરીના નવા એનેક્ષી બીલ્ડીંગના "સ્થાયીસમિતિ સભાખંડ " માં તા. ૨૦.૭.૯૮ ની કાર્યસુચિમાં જણાવેલ કામો પર વિચારણા કરવા સારુ મળી તે સભાનો હેવાલ.

ઠ રા વ :—

મ્યુ.કમિશનરશ્રીના તા. ૧૮.૭.૯૮ ના પત્ર નં. સીમીસ/૩૪૫ થી વિદિત થઈ , ગાંધી સ્મૃતિ ભવનમાં યોજાતા કાર્યક્રમની દ્રશ્ય રચના માટે વહીવટદાર (સ્થાયીસમિતિ) ઠરાવ નં. ૧૮૧૪ તા. ૩૦.૩.૯૫ થી મંજુર કરેલા ફર્નીચરના ભાડાના દરો રદ કરવાનું તથા ગાંધીસ્મૃતિ ભવનમાં યોજાતા તમામ કાર્યક્રમો માટે નીચે અ.નં. ૧ થી ૧૫ માં જણાવેલ ફર્નીચરનો રીઝર્વેશન મેળવનાર વ્યકિતઓ કે સંસ્થાઓ ઉપયોગ કરવા ઈચ્છે તો તેની પાસેથી જરુરીયાત મુજબની ડીપોઝીટ લઈ નીચે જણાવ્યા મુજબનું ભાડુ તા. ૧.૧૦.૯૮ થી લેવાની મંજુરી આપવાનું ઠરાવવામાં આવે છે .

| અ.નં. | સાધનોના નામ | ભાડું |
|---|---|---|
| ૧. | સ્ટીલની ખુરસી નંગ –૦૧ | ૦૫–૦૦ |
| ૨. | ગાદીવાળી ખુરશી નંગ –૦૧ ના | ૧૦–૦૦ |
| ૩. | ફેન્સી મુંડા નંગ – ૦૧ ના | ૧૦–૦૦ |
| ૪. | સનમાઈકા ત્રિપોઈ નંગ –૦૧ ના | ૧૦–૦૦ |
| ૫. | સાદુ લાકડાનું ટેબલ નંગ – ૦૧ ના | ૧૫–૦૦ |
| ૬. | લાકડાના પાર્ટ નંગ –૦૧ ના | ૩૦–૦૦ |
| ૭. | સ્પીચ ડેસ્ક નંગ – ૦૧ ના | ૨૫–૦૦ |
| ૮. | સનમાઈકા ટેબલ નંગ – ૦૧ ના | ૪૦–૦૦ |
| ૯. | ઓફિસ ખુરસી નંગ – ૦૧ ના | ૧૦–૦૦ |
| ૧૦. | લાકડાના ફોલ્ડીગ પ્લેટફોર્મ નંગ – ૦૧ ના | ૫૦–૦૦ |
| ૧૧. | સ્ટુલ નંગ – ૦૧ ના | ૦૫–૦૦ |

| | | |
|---|---|---|
| ૧૨. | લાકડાનો ઘોડો (સીડી) નંગ – ૦૧ ના | ૧૫–૦૦ |
| ૧૩. | લાકડાનો રેક નંગ – ૦૧ ના | ૨૫–૦૦ |
| ૧૪. | ખાનાવાળુ લાકડાનું ટેબલ નંગ – ૦૧ ના | ૨૦–૦૦ |
| ૧૫. | ડેકોરેટીવ ખુરશી નંગ – ૦૧ ના | ૦૮–૦૦ |

**<u>ઠરાવ નં. ૧૧૯૮ /૯૮ સર્વાનુમતે મંજુર</u>**

::::::::::::::